**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૬/૦૯/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૯૨/૧૭**

**વટવા પોલીસ સ્ટેશનઃ**

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ નાઓના માર્ગદર્શન અને મદદનીશ પો.કમી શ્રી "જે" ડીવીઝન સાહેબ તથા વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઇંસ્પેકટર શ્રી બી.જે.સરવૈયા નાઓની સુચના મુજબ પો.સ.ઇ આર.જે.ઠુમ્મર સાહેબ તથા સાથેના ટીમના માણસો હે.કો. શૈલેન્દ્રસિંહ બટુકસિંહ બ.નં.૯૨૫૩ તથા પો.કો અ.વાહીદખાન અમીરૂલ્લાખાન બ.નં.૮૩૧૧ તથા પો.કો.વિનોદભાઇ સેધાભાઈ બનં-૮૪૬૪ નાઓને સોપવા આવેલ વટવા પોલીસ સ્ટેશન ફ.ગ.ર.નં-૩૨૩/૧૭ આઈ.પી.કલમ-૩૮૦ મુજબના ગુનાના કામે વટવા ખાતે આવેલ ભગવાન અયપ્પા મંદિરમાથી થયેલ દાનપેટીની ચોરીની તપાસના કામે ઉપરી અધીશ્રીની સુચના અને માર્ગદર્શન મુજબ પુરતા પ્રયત્નો કરી ગણતરીની કલાકોમા ખાનગી બાતમીદાર મારફત બાતમી મેળવી આરોપીઓ નં-(૧)ઇમ્તીયાઝ બાજીદખાન મલેક ઉવ.૨૨ રહે, મ.નં.૬૮/૨૧૪૯ શ્યામાપ્રસાદ મુખર્જી નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર તેમજ નં.(૨) સલમાન સલીમખાન પઠાણ ઉવ.૨૨ રહે, મ.નં.૭૫/૨૩૭૪ શ્યામાપ્રસાદ મુખર્જી નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાને તા-૦૫/૦૯/૨૦૧૭ ના કલાક-૨૩/૦૦ વાગે પકડી આરોપીઓ પાસેથી મદિર માથી ચોરીમા ગયેલ તમામ મુદામાલ દાનપેટી અને અદરના અલગ અલગ દરની ચલણી નોટો તથા અલગ અલગ દરના ચલણી સિક્કા મળી કુલ્લે રૂપિયા ૧૦,૭૦૯/- રોકડા કબ્જે કરી વધુ તપાસમા દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૩૦/૧૭ આઈ.ઈ.સી કલમ-૩૭૯ ગુનાનો ભેદ ઉકેલી ગુનામા ગયેલ સી.એન.જી.ઓટો રીક્ષા આર.ટી.ઓ નંબર જીજે ૦૧ બીઝેડ ૯૬૧૪ નો છે જેનો ચેસીસ નંબર જોતા MD2AA24ZZTWB20043 તથા એંજીન નંબર જોતા 24MBTB23214 નાની કબ્જે કરેલ અને આરોપીની સઘન પુછ-પરછ હાથ ધરી આરોપીની એમ.ઓ મુજબ બીજા વધુ ગુના શોધી કાઢવા આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

## નિકોલ પોલીસ સ્ટેશનઃ

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદશહેર તથા મે સંયુકત પો.કમીશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદશહેર તથા મે.નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદશહેર તથા મે. મદદનીશ પો.કમીશ્નર શ્રી "આઈ" ડીવીઝન તથા મે. પોલીસ ઈન્સપેકટર શ્રી નિકોલ પોલીસ સ્ટેશન નાઓએ સુચના આપેલ કે પોલીસ સ્ટેશન વિસ્તાર પ્રોહી ના કેસો શોધીકાઢી વધુ મા વધુ કેસો કરવા જે સુચના મુજબ નિકોલ પોલીસ સ્ટેશન ના સર્વે સ્કોડ ના પો.સ.ઈ. શ્રી તથા સ્ટાફ ના માણસોએ સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત મેળવેલ કે સફેદ રંગની એસેંટ કાર નં જી જે ૦૧ એચ ડી ૭૬૩૩ ની સરદાર મોલ ના પાર્કીંગ ના ભોયરામાં એક ઇસમ પોતાના કબજાની એસેંટ કારમાં પરપ્રાંત નો દારુ નો જથ્થો ભરી વેચાણ કરે છે જે ઇસમે શરીરે સફેદ લીટીવાળો શર્ટ તથા કાળા રંગનુ પેંટ પહેરેલ છે જે બાતમી હકીકત આધારે રેડ કરી નાથુસિંહ ધુળસિંહ સીસોદીયા (રાજપુત) ઉ.વ. ૩૪ રહે ૬૩/૨ ઇંદ્રજીત સોસા દાયમંડમીલની સામે નિકોલ ગામ રોડ નિકોલ અમદાવાદ મુ વતન : મેથોડી તા સલુમ્બર જી ઉદયપુર રાજસ્થાન થાના મેથુડી નાનો મળી આવેલ જેની એસેંટ કાર માથી અલગ અલગ બ્રાંડની પરપ્રાંત દારુની બોટલો સીલબંધ હાલતની બોટલો નંગ-૮૦ ની વગર પાસ પરમીટે રાખી મળી આવી પકડાઇ ગયેલ હોઈ જે એસેંટ કાર તથા પરપ્રાંત દારુની બોટલો નંગ-૮૦ તથા અંગઝડતી માંથી મળી આવેલ રોકડા નાણા રૂ,૫૦૦/- તથા એક મોબાઇલ ફોન કી રૂ,૭૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૪૭૫૦૦/- ની મત્તાના મુદ્દામાલ કબજે કરી કાયદેસર ની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે

## સુરક્ષા સેતુ રથ:

શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.